<u>મે. એડીશનલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક. પી. જે . સુરતી સાહેબશ્રીની કોર્ટ, કલોલ</u>

**ક્રિમીનલ કેસ નં. ૪૧૧/ ૨૦૧૯**

**શ્રી સરકાર**

**વિરૂઘ્ધ**

**આરોપીઓ :- સનીજી રામાજી ઠાકોર**

**<u>ગુનો:- ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫ એએ,</u>**

**-:: <u>આંક - ૧ હેઠળ હુકમ</u> ::-**

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની **કલમ ૬૫ એ એ,** મુજબના શિક્ષાને પાત્ર ગુના ના કામે ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આરોપી વિરૂઘ્ધનુ ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપીને સમન્સની બજવણી થતા કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ મુજબ જરુરી કાગળોની નકલો વિના મુલ્યે આપી તેમની સામેનો આક્ષેપીત ગુનો વાંચી સંભળાવી સમજાવી તેની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે.

૩. આરોપીએ ગુના અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે વાંચી સંભળાવતા તેઓએ સમજણપુર્વક ગુનાની કબુલાત કરેલ છે. આરોપીએ તેની રજુઆત કરતા જણાવેલ છે કે, તેઓનો પ્રથમ વખતનો ગુનો છે. તેઓ ગરીબ માણસ છે અને કુટુંબમાં એકમાત્ર કમારનાર વ્યકિત છે અને હવે પછી આવો ગુનો ફરી વખત નહિ કરવાની ખાત્રી આપેલ છે. આરોપીને તેના ગુના બદલ વધુમાં વધુ કેટલી સજા થઈ શકે છે તે અંગેની સમજણ આપવા છતા તેઓ પોતાની કબુલાતને વળગી રહેતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વૈચ્છીક નહિ હોવાનું માનવાને કોઈ કારણ રહેતુ નથી.

૪. કેસની હકીકતો, આરોપીના આર્થીક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત તેમજ ના.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરૂઘ્ધ નટવર હરજીચંદજી જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં.૭૦૯ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:હુકમ:-</u>**

આ કામના આરોપીને બી એન એસ એસ ૨૬૪ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એ એ અન્વયે ગુના સબબ દોષી ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા બી. એન. એસ.કલમ - ૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ મેજીસ્ટેરીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કલોલ
તા.૧૧/૭/૨૦૨૬

( પી. જે . સુરતી )
એડી.જયુડી.મેજી.ફ.ક.
કલોલ
કોડ નં. જીજે ૦૧૫૭૦